પેજ 3



બોલીવુડ અભિનેતા અમિતાભ બચ્ચન નૌકાદળના સ્ટીલ્થ ગાઇડેડ મિસાઇલ ડિસ્ટ્રોયર જહાજ આઇએનએસ વિશાખાપટનમની મુલાકાતે ગયા હતા.

## લંડન એરપોર્ટ પરથી ઉર્વશી રૌતેલાની બેગ ચોરાઈ ગઈ: 70 લાખ રૂપિયાના દાગીના હોવાનો દાવો



મુંબઈ, તા. 31 : ઉર્વશી રૌતેલાએ દાવો કર્યો છે કે, લંડન એરપોર્ટ પરથી તેની એક બેગ ચોરાઈ ગઈ હતી, જેમાં 70 લાખ રૂપિયાના દાગીના હતા. અભિનેત્રીએ ઇન્સ્ટાગ્રામ પર આ અંગે સંપૂર્ણ માહિતી આપી છે. તેણી પોતાની સ્ટોરીમાં જણાવે છે કે, જ્યારે તે વિમ્બલ્ડન જોવા માટે લંડન ગઈ હતી ત્યારે ગેટવિક એરપોર્ટના લગેજ બેલ્ટમાંથી તેની લક્ઝરી બેગ ચોરાઈ ગઈ હતી. ઇન્સ્ટાગ્રામ પોસ્ટમાં ઉર્વશીએ ફ્લાઇટની વિગતો સાથે ડિયોર બેગનો ફોટો શેર કર્યો છે અને લખ્યું છે - ''અન્યાય સહન કરવો એ અન્યાયનું પુનરાવર્તન છે. વિમ્બલ્ડન દરમિયાન મુંબઈથી એમિરેટ્સ ઉડાન ભર્યા પછી ગેટવિક એરપોર્ટ પર અમારી વિમ્બલ્ડન ડિયોર બ્રાઉન બેગેજ બેલ્ટમાંથી ચોરાઈ ગઈ હતી. તેને પાછી મેળવવા માટે તાત્કાલિક મદદની વિનંતી.''

## મિલકતના વિવાદ વચ્ચે કરિશ્મા બાળકો સાથે દિલ્હી પહોંચી



નવી દિલ્હી, તા. 31 : સ્વર્ગસ્થ ઉદ્યોગપતિ અને કરિશ્મા કપૂરના ભૂતપૂર્વ પતિ સંજય કપૂરની 30 હજાર કરોડ રૂપિયાની મિલકત અંગે પરિવારમાં વિવાદ ચાલી રહ્યો છે. સંજયની માતા રાની કપૂર અને પત્ની પ્રિયા સચદેવ વચ્ચે બધું બરાબર નથી. આ અહેવાલો વચ્ચે કરિશ્મા કપૂર તેનાં બે બાળકો સાથે દિલ્હી એરપોર્ટ પર જોવા મળી હતી. એવું માનવામાં આવે છે કે, મિલકતના વિવાદને ધ્યાનમાં રાખીને કરિશ્મા દિલ્હી પહોંચી છે. ઉલ્લેખનીય છે કે ઉદ્યોગપતિ સંજય કપૂરનું 12 જૂને લંડનમાં અવસાન થયું હતું. તેઓ 53 વર્ષના હતા. સંજય કપૂર સોના કોમસ્ટારના ચેરમેન હતા. આ કંપનીની કિંમત 30 હજાર કરોડ રૂપિયા છે.



જાપાનના ટોકિયોમાં તરતા ફાનસના ઉત્સવ દરમ્યાન હજારો ફાનસો પાણીમાં તરતા મૂકવામાં આવે છે જેમના પર આશા અને શુભેચ્છાઓના સંદેશાઓ પણ લખવામાં આવે છે. એક જળાશયમાં તરતા ફાનસોની આજુબાજુ હોડીઓમાં સહેલ કરી રહેલા લોકો તસવીરમાં જોઇ શકાય છે.

# સાઉદી અરેબિયમાં જોય રાઈડ તૂટી પડતાં ૨૩ને ઈજા

રિયાધ, તા. ૩૧: સાઉદી અરેબિયાના તાઈફ નજીકના એક મનોરંજન પાર્કમાં હવામાં જ એક થ્રિલ જોય રાઈડ તૂટી પડવાની ભયાનક ઘટના બની હતી જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

ધ ખલીજ ટાઈમ્સે સાઉદી અરેબિયાના દૈનિક ઓકાઝને ટાંકીને અહેવાલ આપ્યો છે કે આ ઘટના 31 જુલાઈના રોજ હાદા વિસ્તારના ગ્રીન માઉન્ટેન પાર્કમાં બની હતી અને તેમાં ઓછામાં ઓછા 23 લોકો ઘાયલ થયા હતા. આ રાઈડ ઘડિયાળના લોલકની જેમ ગતિ કરતી હતી અને ૩૬૦ અંશ સુધી બંને તરફ ઉંચે સુધી જતી હતી. આ રાઈડમાં પાર્કના મુલાકાતીઓ આનંદ માણી રહ્યા હતા તે જ સમયે તેનો વચ્ચનો સપોર્ટ પોલ તૂટી પડ્યો હતો અને બેઠકોનો ભાગ હળવા ધડાકા સાથે નીચે પછડાયો હતો. નજરે જોનારાઓના



જણાવ્યા પ્રમાણે કેટલાકને રાઈડમાંથી ઉડેલા પૂર્જાઓથી ઈજા થઈ હતી તો કેટલાકને પડી જવાથી કે ફેંકાઈ જવાથી ઈજા થઈ હતી. ઓકાઝના જણાવ્યા મુજબ, તાઈફની સ્થાનિક હોસ્પિટલોને હાઈ એલર્ટ પર રાખવામાં આવી હતી અને યલો ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી. તબીબી ટીમોએ ઘટનાસ્થળે પીડિતોની સારવાર કરી હતી અને વધુ સારવાર માટે હોસ્પિટલોમાં ખસેડ્યા હતા.

# એઆઇ એક્સપ્રેસનો એક મુસાફર દિલ્હી ઊતરવાને બદલે ભૂલથી ભુવનેશ્વર પહોંચી ગયો!

નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ) : એર ઈન્ડિયા એક્સપ્રેસનો એક મુસાફર, જે દિલ્હી એરપોર્ટ પર ઊતરવાનો હતો, તેણે બુધવારે ભૂલથી ભુવનેશ્વર જતી તે જ વિમાનમાં મુસાફરી ચાલુ રાખી હતી. એરલાઈન્સે કહ્યું કે, તે કોઈપણ ખામીઓને દૂર કરવા માટે આ મામલાની તપાસ કરી રહી છે.

ગુરુવારે જાણકાર સૂત્રએ જણાવ્યું હતું કે, પુરુષ મુસાફરે શ્રીનગરથી દિલ્હીની ફ્લાઈટ લીધી હતી અને રાષ્ટ્રીય રાજધાનીમાં ઊતર્યો નહીં અને બેસી રહ્યો જ્યારે એ જ વિમાન ભુવનેશ્વર જવાનું હતું. બંને સેવાઓ એક જ વિમાન દ્વારા સંચાલિત હતી. સૂત્રએ ઉમેર્યું હતું કે વ્યક્તિએ ક્રૂને જાણ કર્યા પછી આ મામલો પ્રકાશમાં આવ્યો હતો.

મુસાફર અને વિમાન વિશેની ચોક્કસ વિગતો તાત્કાલિક જાણી શકાય નથી.

ગુરુવારે એક નિવેદનમાં એરલાઈન્સે જણાવ્યું હતું કે, એક મુસાફર 30 જુલાઈના રોજ દિલ્હી થઈને ભુવનેશ્વર જનારી ફ્લાઈટમાં બેસી રહ્યો હતો અને દિલ્હી ઊતર્યો ન હતો. આથી મુસાફર ભૂલથી ભુવનેશ્વર જતો રહ્યો હતો.

નિવેદનમાં જણાવાયું હતું કે, ''કોઈપણ ખામીઓને ઓળખવા અને તેને દૂર કરવા માટે આંતરિક તપાસ હાથ ધરવામાં આવી રહી છે, જ્યારે પુનરાવર્તન અટકાવવા માટે સ્ટેશનો પર એસઓપી અને આંતરિક બ્રીફિંગનું પુનરાવર્તન કરવામાં આવે છે.''

# લોનનો હપતો ન ભર્યો તો પત્નીને ઉઠાવી ગયા બેંકના માણસો



**બેંક** કર્મીઓએ કહ્યું કે, ''જ્યાં સુધી બાકી લોનની રકમ જમા નહીં કરે ત્યાં સુધી તેની પત્નીને છોડવામાં આવશે નહીં''

ઝાંસી, તા. 31 : ઉત્તર પ્રદેશના ઝાંસીથી એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. અહીંના મોન્થા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક ખાનગી બેંકના કર્મચારીઓએ ગ્રુપ લોનના હપતા ન ચૂકવનારી એક વ્યક્તિની પત્નીને બંધક બનાવીને ઉઠાવી ગયા હતા અને તેમણે મહિલાને 5 કલાક સુધી બેંક શાખામાં બંધક બનાવી રાખી હતી. આખરે પોલીસને જાણ કરાતાં પોલીસ બેંક પર પહોંચી અને મહિલાને બેંકમાંથી મુક્ત કરાવી હતી.

પ્રાપ્ત અહેવાલ મુજબ, આ મામલો બમરૌલીના આઝાદ નગર વિસ્તાર સ્થિત એક ખાનગી ગ્રુપ લોન આપતી બેંક સાથે સંબંધિત છે. પૂંછ પોલીસ સ્ટેશન વિસ્તારના બાબાઈ રોડના રહેવાસી રવીન્દ્ર વર્માએ બેંક પાસેથી 40 હજાર રૂપિયાની લોન લીધી હતી, જેનો દર મહિને 2,120 રૂપિયા હપતો હતો.

પીડિતે પોલીસને જણાવ્યું હતું કે, હપતો ન ચૂકવી શકાતાં બેંક કર્મચારીઓએ તેની પત્ની પૂજા વર્માએ સોમવારે બપોરે 12 વાગ્યાથી બેંકની અંદર બળજબરી બેસાડી દીધી હતી. બેંક કર્મચારીઓએ સ્પષ્ટપણે કહ્યું હતું કે, જ્યાં સુધી પતિ બાકી લોનની રકમ જમા નહીં કરે ત્યાં સુધી તેની પત્નીને છોડવામાં આવશે નહીં. આખરે પીડિત પતિને પોલીસને જાણ કરી હતી.

# અમેરિકાની ડેલ્ટા એરની ફ્લાઈટ તીવ્ર ટર્બ્યુલન્સમાં ફસાઈ: ડઝનબંધ મુસાફરોને હોસ્પિટલમાં ખસેડવા પડ્યા

સોલ્ટ લેક સિટી, તા. ૩૧: અમેરિકાની ડેલ્ટા એરલાઈન્સની એક ફ્લાઈટ યુરોપના નેધરલેન્ડની રાજધાની આર્મસ્ટર્ડામ તરફ જઈ રહી હતી તે સમયે તે ભરઆકાશે વમળમાં સપડાઈને સખત ઝોલો ખાઈ જતા સંખ્યાબંધ મુસાફરોને ઈજા થઈ હતી અને આ વિમાનને નજીકના એરપોર્ટ પર ઉતારીને ઘણાને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે ડેલ્ટા એરની ફ્લાઈટ-૫૬ અમેરિકાના ઉટાહ રાજ્યના સોલ્ટ લેક સિટીથી રવાના થઈને નેધરલેન્ડના આર્મસ્ટર્ડામ શહેર તરફ જઈ રહી હતી તે સમયે અમેરિકાના જ આકાશમાં તે મોટા **ટર્બ્યુલન્સમાં ફસાઈ હતી. આના પછી તેને મિન્નેસોટાના સેન્ટ પોલ ઈન્ટરનેશનલ એરપોર્ટ તરફ વાળવામાં આવી હતી અને સ્થાનિક સમય પ્રમાણે બુધવારે સાંજે ૭.૪૫ કલાકે** તેણે સલામત ઉતરાણ કર્યું હતું. ફાયર ડિપાર્ટમેન્ટના અધિકારીઓ અને પેરામેડિક કર્મચારીઓ વિમાન તરફ ધસી ગયા હતા. વિમાનના કેટલાક કર્મચારીઓ અને ૨૫ જેટલા મુસાફરોને ચકાસણી અને સારવાર માટે સ્થાનિક હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા. શરૂઆતના અહેવાલો જણાવતા હતા કે કેટલાક મુસાફરો તીવ્ર આંચકાને કારણે તેમની બેઠકોમાંથી ઉછળી પડ્યા હતા. કેટલાક મુસાફરોને હાડકા ભાંગ્યા હોવાની શંકા બાબતે તપાસવામાં આવી રહ્યા હતા. આ વિમાન એરબસનું

A330-900 મોડેલ છે અને તેમાં ૨૭૫ મુસાફરો અને ૧૩ કર્મચારીઓ હતા.

## બેંક છેતરપિંડી સાથે જોડાયેલા કેસમાં અંદામાન અને નિકોબાર ટાપુઓમાં ઈડીની પ્રથમ રેઈડ

પોર્ટ બ્લેર/નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ) : સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, કેન્દ્રશાસિત પ્રદેશના ભૂતપૂર્વ કોંગ્રેસ સાંસદ સાથે સંકળાયેલા કથિત સહકારી બેંક લોન 'છેતરપિંડી' સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસની તપાસના ભાગ રૂપે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગુરુવારે અંદામાન અને નિકોબાર ટાપુઓમાં તેની પ્રથમ રેઈડ પાડી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય તપાસ એજન્સીના અધિકારીઓ દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ પોર્ટ બ્લેર અને તેની આસપાસના નવ સ્થળો અને કોલકાતામાં બે સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા.

આ પહેલી વાર છે કે કેન્દ્રીય એજન્સીએ બંગાળની ખાડીમાં સ્થિત કેન્દ્રશાસિત પ્રદેશમાં મની લોન્ડરિંગ વિરોધી કાયદા હેઠળ દરોડા પાડ્યા છે. એમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ કેસ અંદામાન નિકોબાર રાજ્ય સહકારી બેંક (એએનએસસીબી) અને તેના ભૂતપૂર્વ ઉપાધ્યક્ષ કુલદીપ રાય શર્મા સાથે સંબંધિત છે. 57 વર્ષીય કોંગ્રેસના નેતા શર્મા, યુટીના ભૂતપૂર્વ સાંસદ (2019-24) છે.

આ તપાસના ભાગ રૂપે 18 જુલાઈના રોજ અંદામાન અને નિકોબાર પોલીસે સ્થાનિક હોસ્પિટલમાંથી તેમની ધરપકડ કરી હતી. પોર્ટ બ્લેરની એક કોર્ટે તેમને 29 જુલાઈના રોજ ત્રણ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા હતા. આ કેસમાં પોલીસે બેંકના એમડી અને કર્મચારી સહિત સાત

# ચોમાસના ઉત્તરાર્ધમાં ભારતમાં સામાન્ય કરતા વધુ વરસાદ થઈ શકે: હવામાન ખાતું

**ઇશાન** ભારત અને પૂર્વ ભારતના તથા દક્ષિણ ભારતના કેટલાક ભાગોમાં સામાન્ય કરતા ઓછો વરસાદ થશે, તે સિવાયના વિસ્તારોમાં સામાન્ય કે સામાન્ય કરતા વધુ વરસાદ શકે

**ઓગસ્ટમાં** થોડો ઓછો વરસાદ થઇ શકે, સપ્ટેમ્બરમાં સામાન્ય કરતા વધુ વરસાદની શક્યતા

નવી દિલ્હી, તા. ૩૧(પીટીઆઈ): ચોમાસુ ઋતુના બીજા અર્ધભાગ(ઓગસ્ટ અને સપ્ટેમ્બર) માં ભારત સામાન્ય કરતા વધુ વરસાદ મેળવે તેવી શક્યતા છે એમ ભારતીય હવામાન વિભાગે આજે જણાવ્યું હતું.

હવામાન વિભાગના ડિરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ ઓનલાઈન પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે, ઉત્તરપૂર્વ ભારત અને પૂર્વ ભારતના સંલગ્ન વિસ્તારો સિવાય દેશના મોટાભાગના ભાગોમાં ઓગસ્ટમાં સામાન્ય વરસાદ નોંધાવાની ધારણા છે. તેમણે જણાવ્યું હતું કે, સપ્ટેમ્બરમાં વરસાદ સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે. ભારતમાં ચોમાસાની ઋતુના પહેલા ભાગમાં (જૂન અને જુલાઈ) સામાન્ય કરતાં વધુ વરસાદ પડ્યો હતો, જેમાં કેટલાક રાજ્યો, ખાસ કરીને હિમાચલ પ્રદેશમાં ઘોડાપૂર જોવા મળ્યા હતા. એકંદરે નૈઋત્યના ચોમાસાની ઋતુના બીજા ભાગમાં દેશમાં સામાન્ય કરતાં વધુ વરસાદ (422.8 મીમીની લાંબા ગાળાના સરેરાશના 106 ટકા) થવાની શક્યતા સૌથી વધુ છે એમ મહાપાત્રાએ જણાવ્યું હતું.ભૌગોલિક રીતે, ઉત્તરપૂર્વ અને તેની નજીકના પૂર્વ ભારતના ઘણા ભાગો, મધ્ય ભારતના છૂટાછવાયા પ્રદેશો અને દ્વીપકલ્પીય ક્ષેત્રના દક્ષિણપશ્ચિમ વિસ્તારોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાની ધારણા છે, તે સિવાય મોટાભાગના પ્રદેશોમાં સામાન્યથી વધુ વરસાદની શક્યતા સૌથી વધુ છે એમ મહાપાત્રાએ જણાવ્યું હતું કે આગામી બે અઠવાડિયામાં ઓછો વરસાદ થવાની ધારણા છે; જો કે, આ પરિસ્થિતિ બ્રેક મોનસૂન ફેઝ માટેના માપદંડોને પૂર્ણ કરતી નથી, જે ચોમાસા દરમિયાન વરસાદમાં કામચલાઉ ઢીલાશનો ઉલ્લેખ કરે છે. દેશમાં 1 જૂનથી 31 જુલાઈ દરમિયાન 445.8 મીમીના સામાન્ય વરસાદની સામે 474.3 મીમી વરસાદ પડ્યો છે, જે છ ટકા વધુ વરસાદ છે. IMD વડાએ જણાવ્યું હતું કે આ સમયગાળા દરમ્યાન દેશમાં 624 ખૂબ ભારે વરસાદની ઘટનાઓ અને 76 અત્યંત ભારે વરસાદની ઘટનાઓ નોંધાઈ છે, જે છેલ્લા પાંચ વર્ષમાં સૌથી ઓછો આંકડો છે.

# ''સમોસા ક્યાંક મોટા, ક્યાંક નાના'': રવિ કિશને ભોજનાલયોમાં ફૂડની માત્રાને પ્રમાણભૂત બનાવવા માટે કાયદો બનાવવાની માંગ કરી

નવી દિલ્હી, તા. 31: ભાજપના સાંસદ અને અભિનેતા રવિ કિશને ગુરુવારે સંસદમાં ભારતમાં ખાણીપીણીના સ્થળોએ પીરસવામાં આવતા ખાદ્ય પદાર્થોના ભાવ અને કદમાં વિસંગતતા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.લોકસભામાં શૂન્ય કલાક દરમિયાન બોલતાં ગોરખપુરના સાંસદે કેન્દ્ર સરકારને હોટલ, રેસ્ટોરન્ટ અને રસ્તાની બાજુના ઢાબામાં વેચાતા ખોરાક અને ખાણીપીણીના ભાવને નિયંત્રિત કરવા માટે કાયદો લાવવા વિનંતી કરી હતી.કિશને વિવિધ સ્થળોએ એક જ વસ્તુના કદ અને કિંમત બંનેમાં નોંધપાત્ર તફાવત તરફ ધ્યાન દોર્યું હતું. રવિ કિશને ગૃહમાં કહ્યું, ''એક જગ્યાએ સમોસા નાના હોય છે; બીજી જગ્યાએ તે મોટા હોય છે. કિંમતો પણ વ્યાપકપણે અલગ-અલગ હોય છે.'' સાંસદે ઉદાહરણો આપતાં કહ્યું, ''રસ્તાની બાજુના ભોજનાલયમાં સમોસાની કિંમત હોટલમાં મળતા સમોસા કરતાં અલગ હોય છે - અને કદ પણ અલગ હોય છે. તેવી જ રીતે, દાળ તડકા એક જગ્યાએ 100 રૂપિયા, બીજી જગ્યાએ 120 રૂપિયા અને કેટલીક હોટલમાં 1,000 રૂપિયા સુધી ઉપલબ્ધ છે.''

Ganpat University
॥ विद्यया समाजोत्कर्षः ॥
Centre for Management Studies and Research
CENTRE OF EXCELLENCE
NOTIFIED BY GOVERNMENT OF GUJARAT

ઇન્ડસ્ટ્રી ફોકસ્ડ
એમ.બી.એ
પ્રોગ્રામ
બનાવો એક વિશિષ્ટ કરિયર !

Outlook ICARE
OUTLOOK - ICARE INDIA UNIVERSITY RANKINGS
TOP STATE PRIVATE UNIVERSITIES IN INDIA RANKED
Ganpat University
2022 15TH 2023 13TH 2024 12TH
WWW.GUNI.AC.IN
AA+ INDIA'S BEST B-SCHOOL 2025 CAREERS360
AMDISA

મેનેજમેન્ટને લગતું જરૂરી જ્ઞાન મેળવો અને આકર્ષક નોકરીની તક મેળવો.

20 વર્ષનો શિક્ષણ વારસો ધરાવતી
ગણપત યુનિવર્સિટી - સેન્ટર ફોર મેનેજમેન્ટ સ્ટડીઝ એન્ડ રિસર્ચમાં
આજે જ એડમીશન લો અને ઉત્તરોત્તર પ્રગતિ કરતી મેનેજમેન્ટ કેરિયરનો ભાગ બનો.

એમ.બી.એ. (બિઝનેસ એનાલિટિક્સ-Powered by sas)
એમ.બી.એ. (એગ્રી બિઝનેસ)
એમ.બી.એ. (ફાર્માસ્યુટિકલ)
એમ.બી.એ. (ઇન્ટરનેશનલ બિઝનેસ)
એમ.બી.એ. (ફાઇનાન્સિયલ સર્વિસીસ)
એમ.બી.એ. (લોજિસ્ટિક એન્ડ સપ્લાયચેન મેનેજમેન્ટ)
એમ.બી.એ. (ઇનોવેશન, આંત્રપ્રિન્યોરશિપ એન્ડ વેન્ચર ડેવલપમેન્ટ) EILM Entrepreneurship Integrated Learning Model
એમ.બી.એ. (હેલ્થકેર એન્ડ હોસ્પિટલ મેનેજમેન્ટ with SHALBY MULTI-SPECIALTY HOSPITALS)
એમ.બી.એ. (ટેક્નોલોજી મેનેજમેન્ટ-Powered by sas)

Come and Explore the ocean of Opportunity!

ગણપત યુનિવર્સિટી-સેન્ટર ફોર મેનેજમેન્ટ સ્ટડીઝ એન્ડ રિસર્ચનો ભાગ બનો અને તમારા સ્વપ્નોની ઉંચાઈને સર કરો.

For Admission
Dr. Suraj Shah (+91 9099537372)
Ganpat University- Office, Ganesh Meridian, 3rd Floor, Block-A, Opposite Kargil Petrol Pump, Chanakya Puri Road, Sola, S.G. Highway, Ahmedabad- 380060, Gujarat, India
For admissions, Visit
admission.guni.ac.in
DIAMOND QS I-GAUGE | NAAC A | GSIRF | CareEdge